**કૃપાકરી પ્રસિધ્ધી માટે–** **૩૦ માર્ચ ૨૦૦૯**

## ઉત્તર મુંબઈ માં યુવકો શ્રી રામ નાઈકના સમર્થનમાં ઉમટયાં

**મુંબઈ,સોમવાર :** " ભારતભરનાં યુવકોના ભાગે પાંચ વર્ષમાં જો કોંગ્રેસે કંઈ આપ્યું હોય તો તે છે બેરોજગારી અને આતંકવાદનો કાળો ઓછાયો ! પોટા રદ્દ કરી ત્રાસવાદીઓને શું સંદેશો આપી બેઠી આ કોંગી સરકાર ? યુવકોએ આ પ્રશ્નો ઘરેઘરે જઈ લોકોને પુછવાના છે. અને આતંકવાદને છાવરવાવાળા લોકોને ભારતનાં યુવકો કેમેય માફ નહીં કરી શકે. અને જો આજે દેશદાઝ ની ભાવના ધરાવતું વંદેમાતરમ્ સંસદમાં ગવાતું હોય તો તે શ્રી રામ નાઈક જેવાં ઉત્તર મુંબઈનાં લોકપ્રતિનીધી ને કારણે જ ! તે બાબત આજે અહીં રામ નાઈકને સમર્થન કરવા આવેલા વિશાળ યુવા વર્ગ ને હું કહેવા માગું છું." આમુજબનાં શબ્દો વડે ભારતીય જનતા પક્ષનાં રાષ્ટ્રીય પ્રવકતા શ્રી પ્રકાશ જાવડેકરે મલાડ ખાતે ભાજપ-શિવસેના અને મિત્રપક્ષના ઉમેદવાર શ્રી રામ નાઈકનાં સમર્થનમાં ઉમટેલા ભાજપ યુવા મોર્ચા અને ભારતીય વિદ્યાર્થી સેનાના વિશાળ સંમેલનને સંબોધન કર્યું હતું. શ્રી જાવડેકરે અહીં કહ્યું કે "હા ! એનડીએ સરકાર આવશે અને વડાપ્રધાન તરીકે શ્રી લાલકૃષ્ણ અડવાણી રોજગારીની તકો ઉભી કરશે". શ્રી રામ નાઈકનાં પાછલાં પાંચ વર્ષના સત્તામાં ન હોવા છતાં કરેલા કાર્યોની બાબત યાદ કરી શ્રી જાવડેકર ઘણાં ભાવુક થયાં હતાં અને બોલ્યાં કે " લોકલ ટ્રેનની પ્રવાસીઓની હાડમારીની ચિંતા કરી આંદોલનો,વન જમીન પરના લોકોના ઘરોની ચિંતા,કુષ્ઠપિડીતો ની ચિંતા, બોંબ ધડાકામાં માર્યા ગયેલાં ના કુટુંબીઓની ચિંતા અને ઘાયલોને વળતર અપાવવા માટે દોડાદોડી કરનારાં રામ નાઇક પાંચ વર્ષ કામ કરતાં રહ્યાં અને પાછો લોકસભા નહીં તો 'લોકસેવા મેં રામ નાઈક' અહેવાલ પણ આપતાં રહ્યાં. માટેજ મને વિશ્વાસ છે કે ઉત્તર મુંબઈ ખાતે રામ નાઈકનો વિજય નિશ્ચિત છે."

ભારતીય વિદ્યાર્થી સેનાના શ્રી અભીજીત પાનસેએ લોડ શેડિંગ, ત્રાસવાદ, અને ખેડૂતોની આત્મહત્યાનાં મુદ્દે યુપીએ સરકાર ની આકરી ટીકા કરતાં યાદ કરાવ્યું હતું કે આ ત્રણે બાબતોના કેંદ્રીય પ્રધાનો મહારાષ્ટ્રમાં થી ચુંટાઈ કેંદ્રમાં ગયાં છે જે આપણું દુર્ભાગ્ય જ.અને આ બાબતોથી આપણું લોહી ઉકળતું હોય તો આપણે યુવકોએ પરિવર્તન લાવી ભગવા રંગનો વિજય કરવાનો સંકલ્પ કરી શ્રી રામ નાઈકને ઉત્તર મુંબઈ થી પ્રચંડ મતે સંસદમાં પાઠવવા છે.ભાજપ મુંબઈ નાં અધ્યક્ષ અને ધારાસભ્ય શ્રી ગોપાળ શેટ્ટી એ સુરક્ષા નાં કારણો આપી સામાન્ય પ્રજાને રંજાડતી સરકારને કયાંક સુરક્ષા નાં કારણો આપી ઈટાલી ધ્વજવંદન કરવા ન જતી રહે તેવી નમાલી સરકાર કહી હતી અને આતંકવાદથી ઘેરાએલી સરકાર કહી હતી. ભારતીય વિદ્યાર્થી સેનાના મહામંત્રી શ્રી અમોલ કીર્તિકર એ શ્રી રામ નાઈક માટે યુવાવર્ગ પોતાની જાત ઝોંકી પરિવર્તન લાવશે અને પ્રચંડ મતોથી ઉત્તર મુંબઈ ખાતે ભાજપ-શિવસેના અને મિત્રપક્ષની જીત નોંધાવવામાં યુવાવર્ગ મહત્વની ભુમિકા ભજવશે તેવી જાહેરાત કરી હતી.

..૨..

શ્રી રામ નાઈકે વિશાળ યુવા સંમેલનમાં જયારે યુવકોને તેમની સાથે ખભેખભા મિલાવી કામ કરવાની ખાત્રી આપી ત્યારે યુવા વર્ગે હર્ષની ચિચિયારી અને તાળીઓ વડે રામ નાઈકને વધાવ્યાં હતાં.ભાજપ યુવા મોર્ચા મુંબઈનાં અધ્યક્ષ શ્રી મિહીર કોટેચા એ કોંગી સરકાર ની નિષ્ફળતાઓ સાથે ફકત મુંબઈ ખાતે ૬ લાખ શિક્ષિત બેકાર હોવાની હકીકત કહી હતી.

આ પ્રસંગે શિવસેના ના ઉપનેતા શ્રી વિનોદ ઘોસાળકર, ભાજપના જીલ્હાધ્યક્ષ અને નગરસેવક શ્રી યોગેશ સાગર, ભાજપ યુવા મોર્ચાના જીલ્હા અધ્યક્ષ શ્રી યોગેશ વર્મા , ભારતીય વિદ્યાર્થી સેનાના અધ્યક્ષ શ્રી શશિકાંત ઝોર ના પણ ભાષણો થયાં હતાં.

આ વિશાળ યુવા સંમેલનમાં હજારો યુવકો-યુવતી, વિદ્યાર્થીઓ અને નવાં પ્રથમ વેળા જ મતદાન કરનારાં મતદારો ઉમટયાં હતાં. શ્રી રામ નાઈકનું તલવાર આપી સાફો પહેરાવી અનેરૂં સ્વાગત યુવાવર્ગે કર્યુ હતું. નવાં,અને અન્ય પક્ષમાં થી ભાજપ યુવા મોર્ચામાં આ પ્રસંગે સામેલ થયેલાં યુવકોનું શ્રી મિહીર કોટેચા,શ્રી ગોપાળ શેટ્ટી અને શ્રી રામ નાઈકે પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતું.

ડે.મેયર શ્રી વિનોદ ઘેડિયા, ભાજપ મુંબઈના મહામંત્રી શ્રી અતુલ ભાતખળકર, શ્રી જયપ્રકાશ ઠાકૂર,ઉપાધ્યક્ષ શ્રી આર.યુ.સિંહ,નગરસેવકો સર્વશ્રી રામ બારોટ ,મોહન મીઠબાવકર,પ્રવિણ શાહ,ભારતી કેણી,જ્ઞાનમુર્તી શર્મા પ્રભાગ સમિતી અધ્યક્ષ શ્રી શિવકુમાર ઝા,ઉત્તર મુંબઈ ભાજપ-શિવસેનાના ના સર્વ પદાધિકારી આ પ્રસંગે ઉપસ્થિત થયાં હતાં.કાર્યક્રમનું સૂત્રસંચાલન મહામંત્રી શ્રી રાજેશ મોરેએ કર્યુ હતું. અને સંપૂર્ણ વંદેમાતરમ્ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

**(વિનોદ શેલાર)**
**પ્રસિધ્ધી પ્રમુખ**
**મોબાઇલ ક્રમાંક. 9867689540**